# રાજસ્થાન સરકારની ગંભીર બેદરકારી : ડેમના દરવાજા ન ખુલતા ડેમ ફાટ્યો

## બેદરકારીથી ધાનેરાના નગરજનો સહીત અંસખ્ય પશુના મોત અને કરોડોનો વિનાશ વેરાયો : ગુજરાત સરકાર રાજસ્થાન સરકાર સામે પગલાં ભારે તેવી લોક માંગ

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા વિસ્તાર માં ભારે તબાહી મચી જવા પામી છે લોકો ની સાથે સાથે અસન્ખ્ય પશુઓ પણ મોતને ભેટ્યા છે ત્યારે આ તબાહી નું સાચું કારણ જાણવા માટે આજે મારી ટિમ રાજેસ્થાન પહોંચી હતી અને ત્યાં જે જાણવા મળ્યું તેનાથી તમારા પણ રુવાડા ઉભા થઈ જશે.

રાજેસ્થાન સરકાર ની ગંભીર બેદરકારી નો ભોગ આજે ધાનેરા સહીત અન્ય વિસ્તાર બન્યો છે અને લોકો ની સાથે સાથે અસંખ્ય પશુ ઓ પણ મોત ને ભેટ્યા છે તો હજારો લોકો બેઘર બની રસ્તા પર આવી ગયા છે અમારી ન્યુઝ ટિમ આજે રાજેસ્થાન ના જેતપુર ગામે પહોંચી હતી જ્યાં ના ડેમ નું પાણી ધાનેરા વિસ્તાર માં આવે છે ડેમ ની મુલાકાત લેતા લોકોએ જણાવ્યું





હતું કે આ ડેમ ના દરવાજા ન ખોલતા ડેમ ફાટી જવા પામ્યો હતો અને ભારે તબાહી મચી જવા પામી હતી જો આ ડેમ ના દરવાજા સમય સર ખોલવામાં આવ્યા હોત તો પાણી નું વહેણ નદી માં ચાલ્યું જાત અને આ ભારે હેનારત ન સર્જાત તો બીજી તરફ ત્યાંના સ્થાનિક લોકો એ જણાવ્યું હતું કે અમારા ધ્વરા રાજેસ્થાન પ્રસાસન ને વારંવાર જાણ કરવામાં આવી હતી પરંતુ અમારું કોઈએ સામ્ભળ્યુ જ નહિ અને અહીંયા કોઈજ ફરક્યું પણ નહિ અને ડેમ ફાટી ગયા બાદ આવી માત્રને માત્ર તબાહી નો તમાશો જ જોતું રહ્યું જો ટાઈમ સર આવી કાર્યવાહી કરી હોત તો કદાચ આ હેનારત થી લોકો ને અને મૂંગા પશુઓ ને બચાવી શક્યા હોત રાજેસ્થાન સરકાર ધ્વરા જેતપુર ગામે ડેમ તો બનાવામાં આવ્યો છે પરંતુ આડેમ પર કોઈ દેખરેખ કરનાર જ નથી. જયારે પણ વરસાદી વાતાવરણ હોય ત્યારે ડેમ પર ના લોકો ને એલર્ટ કરી દેવામાં આવતા હોય છે અને પળેપળ ની માહિતી સરકાર સુધી પહોંચાડવામાં આવતી હોય છે ત્યારે આ ડેમ તો ભગવાન ભરોશે ચાલી રહ્યો છે.

ત્યારે અમને બીજી પણ બિન સત્તાવાર માહિતી મળી હતી કે જયારે આડેમ ઓવરફ્લો થયો ત્યારે રાજેસ્થાન સરકાર ધ્વરા આ ડેમ ના દરવાજા ખોલવા માટે મહેનત કરવામાં આવી હતી પરંતુ ડેમ ના દરવાજા માં કાટ ચડી આવતા દરવાજા ખોલ્યા ન હતા અને ડેમ ફાટી જવા પામ્યો હતો, જે હોય તે પણ, રાજેસ્થાન સરકાર ની એક ભૂલ ના પગલે ધાનેરા વિસ્તાર માં મોટી સંખ્યા માં લોકો તેમજ અસંખ્ય પશુઓ ના મોત ની સાથે સાથે હજારો લોકો બેઘર બની ગયા છે અને કરોડો રૂપિયા નો વિનાશ વેરાયો છે આ બધા માટે જવાબદાર કોણ અને હા, જવાદાર સામે ગુજરાત ની સરકાર પગલાં ભરશે કેપછી બધું ભીનું સંકેલી લેશે.

# અરવલ્લી જિલ્લામાં અનરાધાર વરસાદથી જમીનોનુ ધોવાણ

અરવલ્લી, તા. ૩૧

ખેડૂતોની મહેનતને પાકરૂપે લહેરાવાતો વરસાદ ચાલુ વર્ષે આફત બનીને આવ્યો હોય તેવો અહેસાસ ખેડૂતો અનુભવી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં સપ્તાહથી સતત પડી રહેલા ધોધમાર વરસાદથી જિલ્લામાં મોટાભાગના ખેતરોમાં પાણી ભરાતા અને વહેતા પાણીના પ્રવાહથી જમીનોમાં મોટાપાયે ધોવાણ થતા ખેડૂતોની હાલત કફોડી બની છે. મોંઘા બીયારણો, ખાતરોનો છંટકાવ, મજૂરી કર્યા બાદ ખેતરોમાં ઉગી નીકળેલા પાકનો નાશ થતા અને ખેતી કોહાવાયી જતા ખેડૂતો દેવાના ડુંગર નીચે દબાઈ જવાની સ્થિતિનું નિર્માણ થયુ છે. જિલ્લાનું નવનિર્માણ થયા પછી પણ મદદનીશ ખેતી નિયામક જમીન સંરક્ષણ કચેરીથી વંચિત છે.

અરવલ્લી જિલ્લા અને મોડાસા પંથકમાં પાછલા અઠવાડિયાથી મેઘરાજાએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા બારે મેઘ ખાંગા થતા સમગ્ર જિલ્લામાં પાણી-પાણી થઈ જતા જનજીવન સહિત ખેતીને



ભારે નુકશાન થયુ છે. જિલ્લા સહિત મોડાસા પંથકમાં ખાબકેલા ભારે વરસાદના પગલે ખેતરોમાં પાણી ભરાતા ધરતીપુત્રોએ મોંઘા ભાવના બિયારણો અને ખાતરો વડે વાવણી કરેલ પાક હવે નિષ્ફળ જવાની કગાર પર આવી ઉભો રહ્યો છે. સતત વરસતા વરસાદથી ખેતરોમાં પાણી ભરાતા મોટાભાગની ખેતી કોહવાઈ જવાના એંધાણ વર્તાયી રહ્યા છે. તદ્ ઉપરાંત ૨૫ ઈંચથી વધુ વરસેલા વરસાદથી ખેતરોમાં પાણીના વહેણ ફરી વળતા ઠેર ઠેર ખેતરોનું ધોવાણ થતા ધોવાણ થયેલા ખેતરોમાં સંપૂર્ણ વાવણી કરેલા પાક તહેશનેશ થઈ જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જિલ્લાનુ નવ નિર્માણ થયાને ૩ વર્ષ જેટલો સમય થવા આવ્યો હતો. જિલ્લાવાસીઓની જરૂરીયાત એવી જિલ્લા મથકની સરકારી કચેરીઓથી વંચિત રહેતા જિલ્લાવાસીઓને હજુ પણ સાબરકાંઠા જિલ્લાના ધરમધક્કો યથાવત રહેતા ભારે રોષ ફાટી નિકળ્યો હતો. ખેડૂતોને મદદરૂપ અને માર્ગદર્શન આપતી અને તારાજી સર્જાય અને સરકારી યોજનાઓ માટેની સહાયરૂપ બને તેવી મદદનીશ ખેતીનિયામક જમીન સંરક્ષણ કચેરી જ ન હોવાનુ ખેડૂતોએ ઉગ્ર રોષ પૂર્વક જણાવી કચેરી જિલ્લા મથકે તાત્કાલિક શરૂ કરવાની ઉગ્ર માંગ કરી હતી અને હિંમતનગરના ધરમધક્કા ખાવા પડતા હોવાથી સમયની બરબાદી અને નાણાનો વ્યય થતો હોવાનુ ભારપૂર્વક જણાવ્યુ હતુ.




## મોડાસા-રાજેન્દ્રનગર રોડ પર લાગેલા ‘દારૂ પીકે ગાડી ના ચલાયે’ ના બોર્ડ હટાવી લેવાયા

રાજેન્દ્રનગર રાજ્ય ધોરીમાર્ગનું લોકાર્પણ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કર્યું હતું. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દેશી અને વિદેશી દારૂનું ધૂમ વેચાણ અને પીનારા લોકો માટે શખ્ત કાયદા બનાવવા છતાં કોઈ જ અસર જોવા મળતી નથી. ત્યારે સરકારીતંત્ર જ સરકારી દાવાઓને પોકળ સાબિત કરતા હોય તેમ માર્ગ પર ૨ જગ્યાએ દારૂ પીકે ગાડી ન ચલાયે ના બોર્ડ લગતા લોકોમાં ચર્ચાનો વિષય બનતા અને હાંસીપાત્ર બનતા આ અંગેના સમાચાર ગાંધીનગર સમાચારમાં છપાતા જવાબદાર તંત્ર સફાળુ જાગી તેમની ગંભીર ભૂલ સમજાતા તાબતોડ બંને બોર્ડ હટાવી લેવામાં આવ્યા હતા.

# શામળાજી પોલીસે અણસોલ ગામ નજીકથી કાર અને સ્કોર્પિયો જીપગાડીમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૩૧

શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી આર.ટી.નો ચેકપોસ્ટ નજીકથી ૩ કલાકમાં રવિવારે સવારે ૭ વાગે ટોયોટો કોરોલિયા કારમાંથી રૂ. ૩૩,૭૦૦ નિતનવા અખતરા કરી કરોડો રૂપિયાનો વિદેશીદારૂ ઘૂસાડવા પ્રયત્નશીલ હોય છે. શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા બુટલેગરો લકઝુરિયસ કારો અને અટકાવી તલાશી લેતા જીપમાંથી આલ્કોહોલિક બિયરના ટીન-૪૮૦ કિંમત રૂપિયા-૪૮૦૦૦ નો જથ્થો ઝડપી જીપચાલક શ્યામલાલ પન્નાલાલ રાવ (ઉં-૩૪ મૂળ રહે. નિમચ-એમ.પી,હાલ રહે.





અને સ્કોર્પિયો જીપગાડીમાંથી રૂ. ૪૮૦૦૦નો ગેરકાયદેસર વગરપાસ પરમીટનો વિદેશી દારૂ ઝડપી પડી ૨ આરોપીયોની ધરપકડ કરી કાર ચાલાક સહીત અન્ય એક શખ્સને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ-નેશનલ હાઈવે નં-૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ પરથી મોટાપાયે રાજય અને પરપ્રાંતીય બુટલેગરો દારૂબંધીનો ફાયદો ઉઠાવી કરોડો રૂપિયાનો વિદેશીદારૂ ઘુસાડી રૂપિયા ખિસ્સામાં સેરવી લેવા સતત જીપગાડીનો સહારો લીધો હોય તેમ રવિવારે અણસોલ ગામની સીમ માથે સવારે ૭ વાગ્યાના સુમારે ટોયાટો કોરોલિયા કાર(ગાડી નં-જી.જે.૧-એચ.જે-૫૬૫૬)માંથી ગેરકાયદેસર વગરપાસ પરમીટની વિદેશી દારૂ અને બિયરની બોટલો અને ટીન કુલ-૧૨૫ કિં. રૂ. ૩૩૭૦૦ અને કારની કિંમત રૂ. ૪૦૦૦૦૦ મળી કુલ ૪૩૩૭૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર કાર ચાલકને ઝડપવાની કવાયત હાથ ઘરે તે પહેલા અન્ય એક ઉદેપુર તરફથી આવતી સ્કોર્પિયો જીપગાડીને યુનિવર્સીટી ઉદેપુર રોડ ઉદેપુર) અને સુરજ રાજકુમાર મેઘવાલ(ઉં-૧૯ રહે. બાબારામદેવ મંદિર પાછળ-ઉદેપુર)ને ઝડપી પડી, મોબાઈલ નંગ-૧ કિંમત રૂ. ૧૦૦૦, સ્કોર્પિયો કાર કિંમત રૂ. ૪૦૦૦૦૦ મળી કુલ-૪૪૯૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી અન્ય એક મદદગારી કરનાર બુટલેગર જુગનું ભાઈ (રહે. પાયાદા-ઉદેપુર) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કારચાલક સહીત અન્ય એક શખ્સને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

# મેઘરજ નગરમાં વાહનચાલકો બેફામ બન્યા

મેઘરજ, તા. ૩૧

મેઘરજ તાલુકો રાજસ્થાનને અડીને આવેલો તાલુકો છે. મેઘરજથી રાજસ્થાનની બોર્ડર માત્ર૧૬ કિ. મી. ના અંતરે આવેલી છે. આ મુખ્ય ધોરીમાર્ગ મેઘરજનગરના વચ્ચે થઈને પસાર થાય છે. ત્યારે દિવસ દરમ્યાન ગ્રીનપાર્ક ચોકડીથી જુના બસ્ટેન્ડ ચોકડી સુધી બન્ને બાજુ વાહનો રસ્તા ઉપર પાર્કિંગ હોવાથી ચાલતા જતા રાહદારીયો તેમજ સ્કૂલમાં જતા બાળકોને મુશ્કેલીયો પડે છે. બંન્ને બાજુ ટ્રાફીકના કારણે રાહદારીઓ રસ્તા ઉપર ચાલે છે જેથી અકસ્માતો સર્જાય છે.

નગરમાં તેમજ માલપુર રોડ પર કેટલાક બાઈક ચાલક ઈસમો બાઈકોનો રેસ લગાવે છે. જેના કારણે શનિવારે બપોરે એક વિર્ધાર્થી બાઈકની અડફેટે આવી જતાં નાની મોટી ઈજાઓ પહોચી હતી. શનિવારે સાંજે રાજસ્થાન તરફથી આવતી ટવેરા કાર ચાલક મેઘરજ નગરમાંથી પસાર થતા ભરબજારે પુરજોષમા જતાં રોડ સાઈડે ઉભી લારીને અડફેટે લીધી હતી જેમાં રસ્તા ઉપર રાહદારીયોમાં નાસભાગ થઈ ગઈ હતી. કારચાલક કાર લઈ ભાગી છુટ્યો હતો. જે ઘટનાના આધારે નગરજનોમા બેફામ બનેલા વાહન ચાલકોથી ભયનો માહોલ છવાયો છે.

### તંત્રએ ન કર્યું તે કર્યું જમિયતે ઉલમાંના મુસ્લિમભાઈઓએ

# સાત દિવસ બાદ ધાનેરા રેફરલ હોસ્પિટલની સફાઈ કરી

એક તરફ ધાનેરા માં પૂર ની પરિસ્થિતિ અને બીમારી થી લોકો પીડાઈ રહ્યા છે આજે પૂર ને સાત દિવસ નો સમય વીત્યા પછી પણ ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં સફાઈ ન થવા ના કારણે બંધ જોવા મળી રહી છે ત્યારે જમિયતે ઉલમાં એ હિન્દ ના મુસ્લિમ ભાઈઓ ધ્વરા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ગરીબો ની જીવાદોરી સમાન ગણાતી ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં પૂર નું પાણી ફરી વળતા સમગ્ર હોસ્પિટલ માં પાણી માં ડૂબી જવા પામી હતી અને તમામ સામગ્રી નષ્ટ થઈ ગઈ હતી ત્યારે આજે પૂર ના પાણી ઓસર્યા ને સાત દિવસ કરતા પણ વધુ નો સમય વીત્યો છે છતાં પણ તંત્ર ધ્વરા ધાનેરા ની રેફરલ હોસ્પિટલ ની કોઈજ મુલાકાત નથી લેવામાં આવી કે નથી હોસ્પિટલ ની સફાઈ કરાવવામાં આવી ત્યારે આજે જમિયતે ઉલમાં એ હિન્દ ના



મુસ્લિમ ભાઈઓ ધ્વરા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને તેમને જણાવ્યું હતું કે ભારત માં રાજકીય લોકો અને સામાજિક તત્વો ધ્વરા હિન્દૂ મુસ્લિમ ના વાળા બનવવા માં આવ્યા છે અને જાતિ વળી રાખી હિન્દૂ મુસ્લિમ વચ્ચે તિરાડ પાડવામાં આવી રહી છે તે તિરાડ દૂર કરવા માટે અમે આ કામગીરી હાથ ધરી છે તો બીજી તરફ ધાનેરા રેફરલ હોસ્પિટલ ના ડોકટર મિતેષ ડાભી ધ્વરા જણાવવામાં આવ્યું હતું કે અમારા ધ્વરા સ્થાનિક તંત્ર ને સફાઈ માટે રજૂઆત કરવામાં આવી હતી પરંતયુ અમને એવોઇ જવાબ આપ્યો હતો મુસ્લિમ ભાઈઓ ને કહે તે સફાઈ કરી દેશે અને રેફરલ હોસ્પિટલ ના ડોક્ટર ધ્વરા તમામ મુસ્લિમ ભાઈઓ ને અભિનંદન આપી આભાર માન્યો હતો.

એક બાજુ ધાનેરા નું સ્થાનિક તંત્ર સફાઈ ની મોટી મોટી વાતો કરી રહ્યું છે ત્યારે આજે સફાઈ ને લઈ ગરીબો ની જીવાદોરી સમાન ગણાતી ધાનેરા ની રેફરલ હોસ્પિટલ સફાઈ માટે બંધ પડી છે ત્યારે રજૂઆત કરતા સ્થાનિક તંત્ર કહે છે કે મુસ્લિમ ભાઈઓ પાસે સફાઈ કરાવી દો, કપરા સમય માં મોટી મોટી વાટકારનાર ધાનેરા ના સ્થાનિક તંત્ર ને ગુજરાત સરકાર પાઠ ભણાવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે સ્મૃતિ ઈરાની

પાલનપુર, તા. ૩૧

કેન્દ્રિય ટેક્ષટાઈલ તથા માહિતી અને પ્રસારણ વિભાગનાં મંત્રી સ્મૃતિ ઈરાનીએ પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને ડીસાની મુલાકાતે આવીને પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરી અસરગ્રસ્તોને મળી માહિતી મેળવી હતી. તેમણે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી કામગીરીને વધુ વેગવંતી બનાવવા સુચનો પણ કર્યા હતા.

કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાનીએ મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે ભારે વરસાદના કપરા સમયમાં લોકોને બચાવવા સરકારે વ્યાપક પ્રયાસો હાથ ધર્યા હતા. તેમણે વિગતો આપતાં કહ્યું કે એન.ડી.આર.એફ. ની ૩૩ ટીમો, ૧૭ હેલીકોપ્ટરો, તેમજ બી.એસ.એફ અને આર્મી સહીત વિવિધ ટીમો દ્વારા રાહત અને બચાવની કામગીરી વ્યાપક રીતે કરવામાં આવતાં મોટુ નુકસાન નિવારી શકાયું છે.

કેન્દ્રિય મંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠા જીલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી રૂ. ૫૦૦ કરોડ આપવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે સરકાર દ્વારા પૂરગ્રસ્તોને રાહત અને બચાવની કામગીરી વિશાળ પ્રમાણમાં કરવામાં આવી છે તથા નુકસાનના સર્વેની કામગીરી અત્યારે સંખ્યાબંધ ટીમો દ્વારા ચાલી રહી છે. અસરગ્રસ્તોને ઝડપભેર તમામ સહાય અપાશે એમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લામાં પૂરથી પ્રભાવીત લોકોને જરૂરી તમામ સહાય આપીને મદદરૂપ થવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર નોંધપાત્ર કામગીરી કરી રહી છે. રાજયસભાના ભાજપાના ઉમેદવાર બળવંતસિંહ રાજપુત, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, સ્વામી આનંદ માળી, લેબજીભાઈ ઠાકોર, વિજય ચક્રવર્તી, અગ્રણીઓ, અધિકારીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

